॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૪, સપ્ટેમ્બર–૨૦૨૫, રૂા. ૫.૦૦/–




નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણ સરોવર મધ્યે દિનાંક ૧૦ થી ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

# શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, નારાયણ સરોવર - કચ્છ



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૧ અંક-૭ સપ્ટેમ્બર-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૬

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૬ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૬ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૯ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

**"કલીયુગ કેવલ નામ આધારા, સુમર સુમર મન ઊતરહીં પારા."**

સનાતન ધર્મની વ્યાખ્યા પ્રચારમાં સૌ પ્રથમ સતયુગ, જેમાં બધુંજ પવિત્ર સાત્ત્વિક ને સર્વોત્તમ હતું. ધ્યાન, ધારણા ને સમાધિસ્થ સ્થિતિમાં ઋષિમુનિઓ યુગને પ્રવર્તાવી રહ્યા હતા. દ્વાપર યુગમાંથી ક્ષીણ પડતા જતા સનાતનને રસાતળ લઈ જતી પૃથ્વીને ઉગારવા પ્રભુના અવતારો શરૂ થયા. ત્રેતાયુગમાં મંદિરની આવન જાવન, ગબડતા જતા વિચારો, આચારો, સંસ્કારોને મુંજાઈ જતા માનવોને પ્રભુ ભક્તિ તરફ વાળવા અવતારો વધતા ગયા, સંસ્કારો ને કુસંસ્કારો વચ્ચે, બુદ્ધિ અને વ્યવહારો વચ્ચે યુદ્ધો ને કલેશો વધીજ ગયા. અને કલીયુગમાં જ્યારે ઈશ્વરનું સર્વ શક્તિત્વ સર્જન રસાતળ ભણી પૂરપાટ ભાગતું થયું ત્યારે, ગીતા જ્ઞાનમાં અને રામાયણ પઠન તથા ભાગવત શ્રવણ દ્વારા કલીયુગના આગમન સાથે જ ધ્યાન, ધારણા સમાધી, સંસ્કારો, વ્યવહારો જે કલી પ્રભાવે થરથરતા થતા જતા હતા તેમાં સ્વયં પરમાત્માએજ પોતાના નામ રટણ, મંત્રજાપ, મૌનસ્થ જીવ્હા કે ઊચ્ચત્તમ અવાજે તેની મહત્તા ઉત્તમોત્તમ સ્થિતિ પર સ્થિત કરી..! મંત્રજાપનું, નામ રટણનું, કથા તથા વાતોની અખંડતાનું મહત્ત્વ પણ અસ્તિત્ત્વમાં આવ્યું.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રીસહજાનંદ સ્વામી મહારાજે કલીયુગમાં શોર્ટ ઈઝ સ્વીટ, ટુંકું ને ટચ, ઝળહળાટ કરતું, કલીયુગને પણ હંફાવી જાય તેવો ષડક્ષરી મંત્ર "સ્વામિનારાયણ" મહામંત્ર સત્સંગીઓને માળા સાથે ગળે પહેરાવી દીધો જેથી આ પંચમહાભૂતનું બાવલું છોડી અક્ષરધામમાં પણ મૃત્યુથી પહેલાં પોતાનું રીઝર્વેશન નિશ્ચિત બેઠકે બેસી શકે..!

**"અબ કયા ખયાલ હૈ, આપકા ? શરૂ કરો ષડક્ષરી મંત્ર મહારાજ કા..!"**

**'સ્વામિનારાયણ'....'સ્વામિનારાયણ'....'સ્વામિનારાયણ'....**

# શિક્ષાપત્રી શ્લોક - ૯૬



**સ્વહિતેચ્છુભિરેતાનિ મચ્છિષ્યૈઃ સકલૈરપિ ।**
**શ્રોતવ્યાન્યથ પાઠ્યાનિ કથનિયાનિ ચ દ્વિજૈઃ ॥**

પોતાના હિતને ઇચ્છતા એવા સર્વે અમારા શિષ્યો હોય તેમણે, આ આઠ સચ્છાસ્ત્રો સાંભળવાં અને અમારા આશ્રિત જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણવાળા જે પુરુષો હોય તેમણે આ આઠ સચ્છાસ્ત્રો ભણવાં, ભણાવવાં તથા એમની કથા કરવી.

શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, આ આઠ સચ્છાસ્ત્રોમાં આ લોકનું અને પરલોકનું હિત સમાયેલું છે. માટે આ શ્લોકમાં સર્વ પ્રકારે પોતાનો અભ્યુદય ઇચ્છતા અને પરલોકમાં સુખ તથા મોક્ષને ઇચ્છતા એવા જે જનો હોય તેમણે આ આઠ સચ્છાસ્ત્રોનું શ્રવણ કરવું. ચારે વર્ણવાળા પુરુષોને પણ તેમાં ક્ષૂદ્રો હોય તેમણે એક વેદના મંત્રનું શ્રવણ કરવું નહિં. ક્ષુદ્રને વેદને સાંભળવામાં અધિકાર નથી. કારણ કે ક્ષુદ્રને યજ્ઞોપવિત સંસ્કાર નથી. અને ગાયત્રી મંત્રનો ઉપદેશ પણ નથી. માટે ક્ષુદ્રોએ વેદનું અધ્યયન ન કરવું તથા વેદનું શ્રવણ પણ ન કરવું, તથા વેદનું અધ્યયન તથા શ્રવણ ન કરવું એ ક્ષુદ્રનો ધર્મ છે. માટે ક્ષુદ્રોએ આ ધર્મનો ક્યારેય પણ ત્યાગ કરવો નહિં.

શાસ્ત્રોમાં આવું વાંચવા મળે તો આજના જમાનામાં બૌધિક ઉહાપોહ ને કાગારોળ થવી સહજ લાગે છે, કેમ કે શાસ્ત્રો ભણે નહિ, વાંચે નહિ, સમજે પણ નહિ તો પછી અવિશ્વાસમાં કાગડાઓ માત્ર કાં...કાં...કાં જ કર્યા કરે..! પશ્ચિમી દેશોમાં ભલે વાલું શિક્ષણ મેળવેલું તોયે ત્યાં ઘરમાં વાસીદું વાળવું પડે, ટોઇલેટ-બાથરૂમ ધોવા કે સફાઇ કરવા પડે..! કમાણી તો ભારતથી ઘણી ઘણી મળે, પણ કામ તો ક્ષુદ્ર જેવું જ કરવાનું ને. ચર્ચમાં ચામડાના જૂતા પહેરીને જાવ! ભારતીયો ત્યાં જે ભણવા ને કમાવા જાય છે તેઓ સ્પર્ધામાં આગળ આવી જાય તો વૈજ્ઞાનિક સંસ્થાઓમાં સંશોધન પણ કરી શકે ને અવકાશ ગમન પણ કરીને સુનિતા વિલિયમ્સ જેમ સાત મહિના સ્પેસમાં હરીફરી પણ શકે..! વિદેશોમાં આવી કોઇ કાં...કાં...કાં ન કરે ને કરે તો કોઇ સાંભળે પણ નહિં. ભારતના શ્રોતાઓ લાગે છે કે, જેવી તેવી કથા-વાર્તા, ટીકા ટીપણ પણ બિચારા મૂક ભાવે સાંભળી તો લે છે પણ કેટલું માને છે, તે તો તેમને જ ખબર.

શાસ્ત્રોએ ક્ષુદ્રોને પોતાની યોગ્યતાને અનુસારે ત્રણેય વર્ણની સેવા કરવાનું સોંપ્યું છે. અને યજ્ઞોપવિત તથા વેદાધ્યયનરૂપ કઠીન વર્તથી મુક્ત કરેલા છે..શા માટે ? સેવા પાછળ ખર્ચાતા સમય પાછળ જ દિન-રાત દોડંદોડ હોય છે. ત્રણે વર્ણવાળા પુરુષોને વેદાધ્યયનથી જે પ્રાપ્ત થાય છે. એજ ક્ષુદ્રોને ત્રણે વર્ગની સેવા અને વેદ સિવાયના શાસ્ત્રો શ્રવણ કરવાથી પ્રાપ્ત થાય છે. ભારતમાં પણ કથાવાર્તામાં મોટા ભાગે મોટી ઉંમરનાઓ જ વધુ હોય છે. શા માટે ? યુવાનો તે સમય દરમિયાન યા તો ભણવામાં કે ધંધો-નોકરી કરવામાં જતા હોય છે. આમ છતાં પણ શાસ્ત્રોમાં ક્ષુદ્રોને પુરાણો શ્રવણ કરવા કહેલું જ છે. પુરાણોમાં આવતા પ્રસંગો તેમના જીવનનું પણ ઘડતર કરતા હોય છે. તેથી પુરાણોમાં પણ તેમને આવતા ઉપયોગી મંત્રો સાંભળવાની છૂટ છે. આવા મંત્રો આવે ત્યારે ક્ષુદ્રોએ કાંઇ કાન બંધ રાખવાના નથી.

“શાસ્ત્રોં કી બાતે ઉલટ પુલટ હૈં, મન, બુદ્ધિ, ચિત્ત કો સુલટા રખે; યે તો ધર્મ કી બેમિસાલ ધરોહર હૈ, કાં..કાં..કૌઓ કી તરહ ઉડાન કો છોડો.”

અને વળી બીજા જે વૈદિક પુરાણાદિકને ભણવામાં ક્ષુદ્રોને સર્વપ્રકારે અધિકાર નથી. પણ કેવળ સાંભળવામાં જ અધિકાર છે. સાવધાન, હનુમાન ચાલીસા પાઠ કરીને કોઇ માનવ સૂરજને મધુર ફળ સમજી કૂદકો મારી ખાઇ ન શકે..! માટે ક્ષુદ્રોએ કેવળ પુરાણોનું શ્રવણ જ કરવું. શાસ્ત્રો એ જેમને જે પ્રમાણે ને જેટલું કરવાનું વિધાન કરેલું હોય, તેમણે તે પ્રમાણે

અને તેટલું જ કરવું એજ પુણ્ય છે. અને એ પ્રમાણે ન કરવું એજ પાપ છે. હકિકતમાં પ્રત્યેક માનવ જન્મજાત જે અનંત જન્મોના પ્રતાપે શક્તિઓ અને સામર્થ્ય લઈ આવેલ છે, તેનું અત્રે સમજણપૂર્વકનું વિવરણ જ લાગે છે. આ સર્વે શ્રીસહજાનંદ સ્વામી મહારાજનો અભિપ્રાય છે. બાકી તો, ''મૈં બડા તુમ છોટા, આગે મત બઢના, ઐસે ગલત ખ્યાલોં યે મત છૌડના; કર્માધિન યે શક્તિશાલી સંસાર હૈ, સફળતા મિલી તો સંસાર મેં સાર હૈ.''

- હિંમતભાઇ ઠક્કર 'રઘુવંશી' ભુજ

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા સંચાલિત તીર્થધામ નારાયણસરોવર ખાતે મંદિર સાથે વિશ્રાંતિ ભુવનનું આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામી દ્વારા લોકાર્પણ

પશ્ચિમ કચ્છમાં આવેલ પવિત્ર નારાયણ સરોવર તીર્થમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે સંતો અને ભક્તજનો સાથે પધારીને સ્નાન કર્યું છે.

આ નારાયણ સરોવરની ભૂમિમાં ભારતવર્ષમાંથી અનેક ભક્તો સ્નાન અને દર્શન કરવા માટે પધારતા હોય છે, ત્યારે ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતોના હૃદયમાં સંકલ્પ થયો કે આવાં તીર્થક્ષેત્રમાં આવનાર હરિભક્તોને રહેવા-જમવાની સગવડ પૂર્ણ રીતે મળી રહે, આવા ભાવથી ભવ્યાતિભવ્ય મંદિર તેમજ યાત્રાર્થીઓને રહેવા માટે સંકુલનું નિર્માણ શરૂ કરાયું. અને જોતજોતામાં સંકલ્પ ભગવાન શ્રીનરનારાયણદેવે પરિપૂર્ણ કર્યો છે. અને તા.૧૦/૮/૨૦૨૫ રવિવાર, શ્રાવણ વદ-૧ થી તા.૧૪/૮/૨૦૨૫ ગુરુવાર શ્રાવણ વદ-૬ સુધી શ્રીનારાયણ સરોવર મધ્યે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ મહોત્સવમાં અમદાવાદથી પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્હસ્તે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી.

તા.૭/૮/૨૦૨૫ ગુરુવારે સવારે ૧૦ કલાકે વિજય ધ્વજ રોપણ કરવામાં આવ્યો.

તા.૧૦/૮/૨૦૨૫ રવિવારે સવારે ૭ વાગ્યે દેવોનું સ્થાપન-પૂજન ભૂદેવો દ્વારા યજમાનશ્રીઓ કર્યા બાદ સવારે ૯ વાગ્યે પોથીયાત્રાનો શુભારંભ થયો. વાજિંત્ર મંડળી સાથે મુખ્ય બજારેથી સભામંડપમાં પધાર્યા અને ભુજ મંદિરના મહંત





# દીપ પ્રાગટ્ય





સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો તથા યજમાનશ્રીઓના વરદ્હસ્તે દીપ પ્રાગટ્ય કરી કથાની શુભ શરૂઆત થઈ. બપોરપછીના સત્રમાં સંતો અને યજમાનશ્રીઓ દ્વારા શ્રીમહાદેવજીનું તથા ગૌમાતાનું પૂજન કરવામાં આવ્યું હતું.

તા.૧૨/૮/૨૦૨૫ મંગળવારે કથામૃત રસપાન સાથે તીર્થક્ષેત્રમાં રહેલા શ્રીઠાકોરજીની પૂજા અને સંતો તથા બ્રાહ્મણોનું પૂજન કરવામાં આવ્યું હતું. ભાવિ આચાર્ય લાલજી મહારાજ શ્રીવ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ સભામાં પધાર્યા અને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો. રાત્રે ભજન સંધ્યા કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં બહોળી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો.

તા.૧૩/૮/૨૦૨૫ બુધવારે સવારે ૭ કલાકે કળશ પૂજન તથા ૯ કલાકે શ્રીઠાકોરજીની શોભાયાત્રા વાજતે ગાજતે વાજિંત્ર મંડળી અને બેન્ટપાર્ટીના સથવારે મુખ્ય બજારોમાં થઈ કથા સ્થળે



પધાર્યા હતા. બપોરપછીના સત્રમાં પ.પૂ.ધ.ધૂ.આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાજી મહારાજ સભામાં પધાર્યા અને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો.

તા.૧૪/૮/૨૦૨૫ ગુરુવાર સવારે ૮ કલાકે વૈદિક મંત્રોચ્ચાર સાથે ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો તથા યજમાનશ્રીઓની ઉપસ્થિતિમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્હસ્તે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠામ મહોત્સવ વિધિ સંપન્ન થયો. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી તથા સંતોના વરદ્હસ્તે શ્રીઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો. ત્યારબાદ ૧૦ કલાકે શ્રીઠાકોરજી આગળ છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યા અને આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી આદિ સંતોએ આરતી કરી હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો.

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર કચ્છ તેમજ દેશ-વિદેશમાં વસ્તા હરિભક્તોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહે છે. એ પછી કોઈપણ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ હોય, ઘણાં સમયથી વરિષ્ઠ સંતોનો સંકલ્પ હતો કે ભુજ મંદિર દ્વારા કચ્છનું પવિત્ર જગવિખ્યાત તીર્થધામ નારાયણ સરોવર મધ્યે હરિમંદિર તથા આવનાર યાત્રિકો અને હરિભક્તો માટે રહેવા, જમવા તેમજ ધાર્મિક ક્રિયાઓ કરાવી શકે તે માટે ભવ્યથી ભવ્ય સંકુલનું નિર્માણ થાય. આ સંકલ્પને સિદ્ધ કરવા ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત ભગવદ્જીવનદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગત આદિ સંતો અને ટ્રસ્ટી મંડળે આ સેવાકીય કાર્ય કરવા માટે દેશ-વિદેશમાં






















વસ્તા હરિભક્તો સાથે મહંત સ્વામી અને વરિષ્ઠ સંતો પ્રેરણાદાયી રહી દાતાશ્રીઓએ તન, મન અને ધનથી સેવા કરવા તૈયારી બતાવતી, ત્યારે તરત જ ભુજ મંદિરના સલાહકાર રામજીભાઈ વેકરીયાએ ૧૨ એકર જમીનનું ભૂમિદાન આપવાની સાથે પોતાની સેવા નોંધાવી. મદનપુરના શ્રીકાન્તીભાઈ મુરજી મેપાણીએ શિલાન્યાસવિધિનો લાભ લીધો હતો. સાથે હરિમંદિરમાં બાંધકામ તથા બિરાજમાન થયેલ મૂર્તિઓનો સહયોગ આપતા દાતાશ્રીઓ કોઠારીશ્રી મુરજીભાઈ કરસન શીયાણી વેકરા, ઉપકોઠારી જાદવજીભાઈ વિશ્રામ ગોરસીયા બળદિયા, રામજીભાઈ ગોપાલ દબાસીયા, શાંતિભાઈ અને લાલજીભાઈ દબાસીયા ભક્તિનગર માનકુવા, કાંતિલાલ નારાણ કેરાઈ બળદિયા, રવજીભાઈ પ્રેમજી રાઘવાણી બળદિયા, પરબતભાઈ ભીમજી શીયાણી મીરજાપર, દેવશીભાઈ વેલજી હાલાઈ સુરજપર, ગોપાલભાઈ લાલજી વેકરીયા રામપર, રવજીભાઈ જાદવા ખીમાણી દહીંસરા, પ્રેમજીભાઈ હીરજી હાલાઈ સુરજપર, કાનજીભાઈ કે વરસાણી સામત્રા, ભીમજીભાઈ હરજી કાનજી ભુડિયા ફોટડી, પ્રફુલભાઈ વેલજી હાલાઈ સુરજપર, ગોવિંદભાઈ ધનજી રામજી રાબડીયા રામપર, ભારાસરના રામજીભાઈ કાનજી હિરાણી, વિશ્રામભાઈ વાલજી પિંડોરીયા માધાપર, અ.નિ.કાનજીભાઈ ભીમજી રાઘવાણી પરિવાર બળદિયા, વાલજીભાઈ કરસન હિરાણી બળદિયા, કે.કે. જેશાણી બળદિયા, રવજીભાઈ ગોવિંદ વરસાણી કેરા, મેઘજીભાઈ કરસન વરસાણી સામત્રા, ધનજીભાઈ વેલજી ભડિયા સુખપર, લાલજીભાઈ કલ્યાણ શીયાણી માનકુવા, અ.નિ.રાણીબાઈ નાનજીભાઈ રણછોડભાઈ સાવલિયા પરિવાર સુરત, પરબતભાઈ ધનજી કેરાઈ નારાણપર, શાંતિલાલ લીલાધર પારેખ સોની અંજાર, વિશ્રામભાઈ શીવજી પિંડોરીયા નારાણપર, રાજેશભાઈ જેઠાલાલ કારિયા મુંબઈ-ઘાટકોપર, રામજીભાઈ સામજી વેકરીયા રામપર, કુંરજીભાઈ દેવરાજ વેકરીયા નારાણપર, અખિલ કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ રવાપર વિગેરે અસંખ્ય દાતાઓના યોગદાન આ કાર્ય પરિપૂર્ણ થયું છે. ઉત્સવ દરમિયાન કાયમી તિથી થાળ-રસોઈ અને બાલભોગની વિશેષ સેવા હરિભક્તોએ નોંધાવી હતી.

આ સંકુલમાં હરિમંદિર સાથે આવનાર યાત્રિકો માટે ઉતારાની સરસ વ્યવસ્થા સાથેના રૂમો, ભોજનકક્ષ, કથા કરાવવા માટેના બે વિશાળ હોલ, યજ્ઞશાળા વિગેરે અનેક સુવિધાઓથી સજ્જ આ સંકુલ યાત્રિકો માટે ભક્તિપ્રિય વાતાવરણનું કેન્દ્ર બની રહેશે.



મંદિર અને વિશ્રાંતિ ભુવન સંકુલ બાંધકામ સમિતિમાં ઉપમહંત સ્વામી, પાર્ષદ જાદવજી ભગત, સદ્ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સદ્ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી પરમહંસદાસજી અને સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ આદિ સંતોનું માર્ગદર્શન રહ્યું હતું. મહોત્સવમાં સહયોગી સંતો સ્વામી શાંતિસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી, પાર્ષદ ખીમજી ભગત, સ્વામી ધર્મજીવનદાસજી, પાર્ષદ દિનેશ ભગત, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી સંતજીવનદાસજી, સ્વામી કપિલજીવનદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી સત્સંગસેવકદાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી, સ્વામી નૌતમપ્રકાશદાસજી, સ્વામી વિજ્ઞાનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી રહ્યા હતા.

પાંચ દિવસ ચાલેલ આ મહોત્સવમાં વડતાલ, ગઢડા, ધોલેરા, જુનાગઢ, ધંધુકા, અમદાવાદ, સિદ્ધપુર, મૂળી, સુરત, નાથદ્વારા તેમજ માંડવી, અંજાર, રાપર, ભુજ પ્રસાદી મંદિર અને ગુરુકુળોના સંચાલક સંતો આ અલૌકિક મહોત્સવમાં પધરામણી કરી હતી અને તેમના આશીર્વાદ પણ

મળ્યા હતા. સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ.ગુ. સ્વામી ગોલોકવિહારીદાસજી, સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી આદિ મંડળધારી સંતો પધારી હરિભક્તોને દર્શન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

શોભાયાત્રામાં ઈસ્ટ અને વેસ્ટનો સમન્વય જોવા મળ્યો હતો. એક તરફ લેડીસ બેન્ડપાર્ટીના સૂરો હતા તો બીજી બાજુ વંશ પરંપરાગત રીતે ચાલી આવતી ભુજ ચોવિસી ભજન મંડળીઓ આ શોભાયાત્રામાં શોભા વધારી હતી. સાથો સાથ સુશોભિત વાહનોમાં સંતો, યજમાનશ્રીઓ અને લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિ જોવા મળી હતી.

મહોત્સવ દરમિયાન વ્યાસપીઠ પર શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજી અને શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ શ્રીમન્નારાયણ તીર્થ મહિમા કથાનો મહિમા સમજાવેલ. આ સંગીતમય કથામાં સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નીલકંઠમુનિદાસજી જ્યારે તબલા પર સ્વામી કપિલમુનિએ સેવા આપી હતી.

પાંચ દિવસ ચાલેલ આ દિવ્ય મહોત્સવમાં કચ્છના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો શ્રીપ્રધ્યુમનસિંહજી જાડેજા, શ્રીકેશુભાઈ પટેલ, ભાજપ જિલ્લા પ્રમુખ શ્રીદેવજીભાઈ વરચંદ તથા તાલુકા પ્રમુખ શ્રીભીમજીભાઈ જોધાણી, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીવિનોદભાઈ વરસાણી, સામાજિક અગ્રણીઓ, વ્યાપારીઓ તથા જુદી જુદી સંસ્થાઓ સાથે સંકળાયેલા મહાનુભાવો સાથે બહોળી સંખ્યામાં દેશ-વિદેશથી હરિભક્તો પધાર્યા હતા.

આ ધર્મરૂપી સેવાકીય મહોત્સવમાં ભુજ મંદિરના ટ્રસ્ટીઓ, સમિતિઓના સભ્યો, ભુજ મહિલા મંદિરના મહંત સામબાઈ ફઈ આદિ કચ્છ ચોવિસી, વાગડ અને અબડાસા વિસ્તારના સમસ્ત સાં.યો.બહેનો તેમજ ભુજ મંદિર દ્વારા ચાલતી શૈક્ષણિક સંસ્થાઓના સંતો અને કર્મચારીઓ, ચોવિસીના ભાઈઓ-બહેનો, અબડાસા વિસ્તારના હરિભક્તો, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી અને મહિલા મંડળે દરેક પ્રકારની સેવાઓમાં સહયોગ આપ્યો હતો.

આ મહોત્સવનું સંચાલન પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજી, શાસ્ત્રી શુકદેવસ્વરૂપદાસજી અને શાસ્ત્રી હરિકૃષ્ણદાસજીએ શોભાવ્યું હતું.







વિશેષ મહેમાનશ્રી DIG અનંતસિંઘ (કચ્છ સેક્ટર) (BSF), કમાન્ડર યોગેશકુમાર (BSF), નારાયણ સરોવર મંદિરના ગાદીપતિશ્રી સોનલ લાલજી મહારાજ, કોટેશ્વર મંદિરના મહંત દિનેશગીરી મહારાજ, નારાયણ સરોવર મંદિરના પુજારી ભાવેશભાઈ મહારાજ, સનકાદિક મંદિરના મહંત રામજીવનદાસજી વિગેરે પધાર્યા હતા.

અ - હસમુખભાઈ ધનજી હિરાણી

# શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ મધ્યે ચાતુર્માસમાં વિશેષ ઉત્સવો ઉજવાયા

**ચાતુર્માસ વિશેષ નિયમ તથા કથા પ્રારંભ :-** અષાઢ સુદ-૧૧ (દેવશયની એકાદશી)ના દિવસથી ચાતુર્માસનો પ્રારંભ થયો. કચ્છ સત્સંગના ગુરુ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રીજીમહારાજની આજ્ઞા



ચાતુર્માસને વિશે વિશેષ નિયમનું પાલન કરવા આજ્ઞા સહ આશીર્વાદ પાઠવ્યા હતા. દર વર્ષે ભુજ મંદિરમાં ચાતુર્માસ દરમિયાન સવારે શ્રીમદ્‌શિક્ષાપત્રી ભાષ્ય અને બપોરપછીના સત્રમાં શ્રીમદ્‌ભાગવત મહાપુરાણ કથામૃતનું રસપાન વક્તા પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા પુરાણી સ્વામી વર્ણીવિહારીદાસજીએ મધુર શૈલીમાં કરાવ્યું હતું. કથા અંતર્ગત વિવિધ ઉત્સવો ઉજવાયા હતા જેમાં વિશેષપણે શ્રીકૃષ્ણ જન્મોત્સવનું આયોજન શ્રીઘનશ્યામ બાલ મંડળ તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. મહંત સ્વામી આદિ વડીલ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**હિંડોળા ઉત્સવ :-** સનાતન ધર્મમાં વર્ષા ઋતુ (ચાતુર્માસ) દરમિયાન અનેક તહેવારો ઉજવવામાં આવે છે. કહેવાય છે કે વૃંદાવનમાં શ્રીકાર વરસાદ થતો ત્યારે વનરાજી સારી રીતે પાંગરતા તેની સાથે ભગવાનના ભક્તો ભગવાન શ્રીકૃષ્ણને વનવગડામાં આંબા ડાળે હિંડોળો બનાવીને ઝુલાવતા. આ પરંપરા આજ દિવસ સુધી સનાતન મંદિરોમાં જોવા મળે છે.

ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરો દેશ-દેશાંતરમાં આવેલા છે ત્યાં દરેક જગ્યાએ એક મહિના સુધી ચાલતા ભુજ, પ્રસાદી મંદિર, અંજાર, માંડવી, રાપર વિગેરે મંદિરોમાં તેમજ ભુજ ચોવિસી સાથે દેશ-વિદેશના મંદિરોમાં હિંડોળાને લઈને આગવી તૈયારીઓ કરવામાં આવે છે.

તા. ૧૨/૭/૨૦૨૫ થી તા. ૧૦/૮/૨૦૨૫ એક મહિના સુધી ચાલનારા આ ઉત્સવનો લાભ લેવા કચ્છના દરેક ગામડેથી હરિભક્તો તથા સનાતન ધર્મપ્રેમી લોકો બહોળી સંખ્યામાં પધારી દર્શનનો લાભ લીધો હતો .



ભુજ મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની આજ્ઞા સહ આશીર્વાદથી કાર્યકર્તા સંતો-ભક્તો, સાં.યો. બહેનો, કર્મયોગી બહેનો, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ-યુવતી મંડળના બહેનો, શ્રીઘનશ્યામ બાલમંડળના બાળકો સહિત હરિભક્તો સૌ સાથે મળી સેવા, ભક્તિ અને



સમર્પણથી અદ્‌ભુત કલાત્મક નયનરમ્ય હિંડોળાનું સર્જન કરી હેતથી શ્રીહરિને હિંડોળે ઝુલાવ્યા હતા. જે લોકોને સામાજિક, આધ્યાત્મિક અને ભક્તિનો આનંદ અને પ્રેરણા આપતા હોય છે. હરિભક્તો તન-મન-ધન અને ધગસથી સેવા કરી શ્રીહરિ તથા સંતોનો રાજીપો મેળવ્યો હતો.

**શિવપૂજન અને વિશેષ ધૂન :-** તા.૨૫/૭/૨૦૨૫ થી તા.૨૩/૮/૨૦૨૫ શ્રાવણ માસ દરમિયાન દરરોજ આપણા મંદિરમાં આવેલા સિદ્ધેશ્વર મહાદેવનું પૂજન, લઘુરુદ્રી તથા મંદિરના સભામંડપમાં સવારે ૮ વાગ્યા થી ૯ વાગ્યા સુધી એક કલાક મહામંત્રની ધૂનનું આયોજન કરવામાં આવ્યું



હતું. જેમાં દરરોજ હરિભક્તો યજમાનપદે રહી મહાપ્રસાદની સેવાનો લાભ લીધો હતો. ધૂન પૂર્ણાહુતિ સમયે વડીલ સંતોના આશીર્વાદ મેળવી યજમાનો ધન્યભાગ્યશાળી થયા હતા.

**શ્રીકૃષ્ણ જન્માષ્ટમી :-** શ્રાવણ વદ આઠમના સાંજે બાલ-મંડળના બાળકો દ્વારા અને રાત્રે ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે સોનાના પારણિયે બાલકૃષ્ણલાલને





ઝુલાવવામાં આવ્યા હતા, અને યુવક મંડળના યુવાનો દ્વારા મટકીફોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અ. નિ.સદ્. સ્વામી નિરન્નમુક્તદાસજીની સ્મૃતિમાં સદ્‌ગુરુ સ્મૃતિ પરાયણનું આયોજન.



ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં અ.નિ. સ.ગુ. નિરન્નમુક્તદાસજીની પુણ્યસ્મૃતિમાં સદ્‌ગુરુ સ્મૃતિવંદના મહોત્સવમાં શ્રીમત્ સત્સંગિજીવન પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

દિનાંક ૨૧ થી ૨૫ -૮-૨૦૨૫ સુધી આ મહોત્સાવના આયોજનમાં પ્રથમ દિવસો શ્રીનરનારાયણદેવના ચરણ સાંનિધ્યથી સવારે ૮ કલાકે શાસ્ત્રોનું પૂજન કરીને પોથીયાત્રાની શુભ શરૂઆત થઈ હતી. મોટી સંખ્યામાં સંતો, યજમાનશ્રીઓ જોડાયા હતા. યજમાનશ્રીઓ પોથીને મસ્તક ઉપર લઈને વાજતે ગાજતે મંદિરની પરિક્રમા કરીને સભામંડપ સુધી પહોચ્યા હતા.

પ્રથમ દિવસો ભુજ મંદિરના મહંત સદ્.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતજી, સદ્.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્.પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજી, સદ્.પુરાણી સ્વામી મહાપુરૂષદાસજી, કોઠારી સદ્.સ્વામી દેવપ્રકાશદાસજી, પુરાણી સ્વામી



હરિમુકુન્દદાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી, સ્વામી બાલમુકુન્દદાસજી, સ્વામી સંતજીવનદાસજી વગેરે સંતો તેમજ મુખ્ય યજમાન એવા પિતાશ્રી મુરજીભાઈ માવજી મેપાણી, માતૃશ્રી અમરબાઈ, પુત્ર કાન્તિભાઈ ધ.પ. પૂનમબેન વગેરે તેમજ સહ યજમાનશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કથાની શુભ શરૂઆત કરવામાં આવી હતી.



પ્રથમ દિવસે વક્તાશ્રી પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજીએ કથાનું શ્રવણ કરાવ્યું હતું. બાપોરપછીના સત્રામાં પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજીએ કથાનું શ્રવણ કરાવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય મહંત સ્વામીએ આશીર્વચન પાઠવ્યા હતા.

બીજે દિવસે પ્રથમ સત્રના વક્તાશ્રી પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથા શ્રવણ કરાવ્યું હતું. ત્યારપછી ડો. સ્વામી અક્ષરમુનિદાસજીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે શ્રીરામાનુજાચાર્યે પ્રવર્તીત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તને શ્રીહરિએ સ્વમત તરીકે સ્વીકાર્યો છે અને આ વાત શિક્ષાપત્રીમાં લખવામાં આવી છે. તેથી આપણે સદા સાકાર ભગવાનની ઉપાસના કરવી જોઈએ. ત્યારબાદ પુરાણી સ્વામી વિશ્વવલ્લભદાસજીએ જણાવ્યું હતું કે અ.નિ. સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજીએ આ સત્સંગમાં રહીને કોઠારની સેવા, ગૌશાળાની સેવા, વાડીની સેવા, પાકશાળાની સેવા કરીને પોતાનું જીવન ભગવાનને સમર્પણ કરી દીધું હતું. બપોરપછીના સત્રમાં બાળ પ્રભુ શ્રીઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. શ્રીનરનારાયણદેવના ચરણ સાંનિધ્યથી બાળકો, વડીલો, યજમાનશ્રીઓ વાજતે ગાજતે બાળપ્રભુને પાલખીમાં બેસાડીને સભામંડપમાં લઈ આવ્યા હતા. અહી પારણીયામાં પધરાવીને સંતો અને સૌ ભક્તો મળીને પુષ્પનો અભિષેક કર્યો હતો અને



ત્યારપછી અતિ ધામધૂમથી રાસોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

ત્રીજા દિવસે પ્રથમ સત્રમાં કથા શ્રવણ કર્યા પછી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી સ્વામીએ આશીર્વચન પાઠવ્યા હતા. બપોરપછીના સત્રમાં પુરાણી સ્વામી મહાપુરુષ દાસજીએ સ્વામી નિરન્નમુક્તદાસજીના જીવનના અનેક પ્રસંગોને યાદ કરીને તેમની દયાળુતા, વાત્સલ્ય, સેવાભક્તિ અને કીર્તન-ભજન કરવાનું અંગ તેના વિષે ઘણી વાતો કરી હતી. ત્યારપછી સ્વામીજીના શિષ્ય એવા પુરાણી સ્વામી હરિમુકુન્દદાસજીએ પોતાના ગુરુ વિષે જે જે ગુણો રહ્યા હતા તે ગુણો અમારામાં આવે એવી ભગવાન પાસે પ્રાર્થના સહ ગુરુજીની સત્સંગ સેવાના કાર્યો વિષે જણાવ્યું હતું. તેમજ ગુરુજીની સાધુતા, સેવા, સમર્પણ, ભક્તિમય જીવન વિષે પોતાના અનુભવાત્મક પ્રસંગોને યાદ કર્યા હતા.

ચોથા દિવસે સવારના સત્રમાં વક્તાશ્રીએ શ્રીનીલકંઠવર્ણીનો ગૃહત્યાગ અને વનવિચરણની કથા સંભળાવી હતી. ત્યારપછી શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. તેમજ સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે અ.નિ. સદ્. સ્વામી નિરન્નમુક્તદાસજી એ યોગી અને ઉપયોગી હતા. સર્વે ભક્તોને પ્રેમથી બાલાવીને સત્સંગનો રસ પીવડાવતા હતા. સત્રના અંતમાં કોઠારી પાર્ષદ જાદવજી ભગતે આશીર્વાદ આપતાં કહ્યું હતું પૂજ્ય નિરન્નમુક્ત સ્વામીની સાથે હું ઘણા વર્ષો સુધી આ દેવ, મંદિર અને સત્સંગની સેવા કરી છે. આજે ભલે આપણી વચ્ચે નથી પણ તેમની દિવ્ય કૃપા દૃષ્ટિ આપણી સાથે જ છે.

બપોરપછીના સત્રના કથા પ્રસંગમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ ભુજ -કચ્છમાં પ્રથમવાર પધાર્યા હતા ત્યારે કચ્છના હજારોની સંખ્યામાં ભક્તો ભગવાનને હાથીની અંબાડીએ બેસાડીને વાજતે ગાજતે ભુજ નગરમાં પધરાવ્યા હતા એવું દૃષ્ય આજે આ કથામાં જોવા મળ્યું હતું. ભગવાન શ્રીહરિને યજમાન પરિવારના સભ્યોએ ભગવાનને પાલખીમાં



બેસાડીને વાજતે ગાજતે સભામંડપમાં લઈ આવ્યા હતા. અને મંચ ઉપર સિંહાસનમાં પધરાવીને પુષ્પોની પાંખડીઓથી પૂજ્ય મહંત સ્વામી આદિક સર્વે સંતો યજમાનશ્રીઓ તેમજ તમામ ભક્તોએ અભિષેક કર્યો હતો.

પાંચમા દિવસે કથા બાદ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, પુરાણી સ્વામી

પુરુષોત્તમસ્વરૂપદાસજીએ અ.નિ. સદ્. સ્વામી નિરન્નમુક્તદાસજીની સેવાને યાદ કરતાં કહ્યું હતું કે સ્વામીજીની સેવા ક્યારેય ન ભૂલાય એવી મહાન સેવા આ સત્સંગમાં કરી ગયા છે.

અંતમાં મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ તમામ ભક્તોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવતાં કહ્યું હતું કે, પૂજ્ય નિરન્નમુક્ત સ્વામી મારા મોટા ગુરુભાઈ હતા. તેમની પાસેથી ઘણું બધું મને શીખવા મળ્યું છે.

સત્રના અંતમાં ઉત્તર પૂજન કર્યા પછી સમાપ્તિની આરતી સૌ સંતો અને યજમાનશ્રીઓના



હસ્તે કરવામાં આવી હતી. સમગ્ર સભાનું સંચાલન સ્વામી હરિકૃષ્ણદાસજી અને ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજીએ કર્યું હતું.

## અંજાર મંદિરે મહાપૂજા, ભવ્ય કલાત્મક હિંડોળા દર્શન, શિવપૂજન, શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયા

**મહાપૂજાઃ-** અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરે દેવશયની એકાદશી નિમિત્તે મહાપૂજાનો લાભ લીધો હતો. મંડળધારી સદ્ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, વડીલ સદ્ગુરુ શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીની ઉપસ્થિતિમાં કલ્યાર્થે મહાપૂજા યોજવામાં આવી હતી. મહાપૂજા પુ.સ્વામી પરમહંસદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી વિવેકસાગરદાસજીએ કરાવેલ હતી.

**ભવ્ય કલાત્મક હિંડોળા દર્શન :-** અષાઢ વદ-૨ તા.૧૨/૭ થી શ્રાવણ વદ-૧ તા.૧૦/૮ સુધી હિંડોળા ઉત્સવ ઉજવાયો હતો. જેમાં તા.૨૦/૭ ના રોજ વિશેષ હિંડોળારૂપે શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ખંડ, ઓપરેશન સિંદૂર, બ્રહ્માંડ દર્શનનું ઉદ્ઘાટન થયેલ. જેમાં મંડળધારી સદ્ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, વડીલ સદ્ગુરુ શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી, પુ.સ્વામી પરમહંસદાસજી, વેદાંતાચાર્ય સ્વામી સિદ્ધેશ્વરદાસજી આદિ મંડળના સંતોની તેમજ ભુજ મંદિરના સદ્ગુરુ પુ.સ્વામી શ્રીહરિદાસજી, સદ્ગુરુ સ્વામી જગતપાવનદાસજી, માંડવી મંદિરના સંતોની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

કોઠારી શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજી, પુ.સ્વામી ભક્તિવેદાંતદાસજી, સ્વામી સત્સંગસેવકદાસજી, સ્વામી બાલસ્વરૂપદાસજી આદિ તમામ સંતોએ હિંડોળા ઉત્સવમાં સેવા આપી હતી. સંચાલન સદ્ગુરુ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું.



કાર્યક્રમને સફળ બનાવવા હિંડોળા સમિતિના સંતો સાથે મંડળના સંતો તથા કોઠારી સામજીભાઈ ધનજી હિરાણી, ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સાં.યો.ત્રિવેણીબાઈ આદિ સમગ્ર સાં.યો.બહેનો તથા સર્વે નાના મોટા બાઈઓ-ભાઈઓ સર્વે પોતાનો કિંમતી



વેશભૂષા સ્પર્ધા યોજાયેલ. મટકીફોડ સ્પર્ધા આકર્ષણનું કેન્દ્ર બની રહેલ, જેમાં ૧૨૫ જેટલી મટકી રાખેલ. જેમાં ૫૦ જેટલા વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ. કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં પુ.સ્વામી

સમય આપીને હિંડોળા મહોત્સવને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ, એક મહિના દરમિયાન ચાલેલ હિંડોળા ઉત્સવમાં સહભાગી થનાર દાતાશ્રીઓ, સ્વયંસેવકો, ભાઈઓ-બહેનોને સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**શ્રીકૃષ્ણ જન્મોત્સવ :-** શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિવસે અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરને રોશની અને ધજા પતાકાથી શણગારવામાં આવ્યું હતું. મંદિરમાં રાસોત્સવ, મટકીફોડ સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા યોજાયેલ. (ઉપર જુઓ) કૃષ્ણપ્રિયદાસજી, શા.સ્વામી નારાયણમુનિદાસજી, વેદાંતાચાર્ય સ્વામી સિદ્ધેશ્વરદાસજી, પુ.સ્વામી સર્યુદાસજી આદિ સંતોની ઉપસ્થિતિ રહી હતી.

**શિવપૂજન :-** દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ સુદ-૧ થી શ્રાવણ વદ-અમાસ સુધી મહારાજની આજ્ઞા અનુસારે શિવજીનું અંજાર મંદિરના ગોર ભૂદેવ દ્વારા દરરોજ પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં હરિભક્તો ઉત્સાહભેર જોડાયા હતા.

અ - મેહુલ પ્રવિણભાઈ ઠક્કર અંજાર

## થાણા-મુંબઇ સત્સંગ ભવનમાં વિવિધ ઉત્સવો ઉજવાયા

શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીનરનારાયણ ભગવાન, શ્રીરાધાકૃષ્ણ ભગવાનની અહૈતુકી કૃપાથી અને ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુ.સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી થાણા-મુંબઈ સત્સંગ ભવનમાં વિવિધ ઉત્સવો ઉજવાયા.

**આમ્રોત્સવ :-** તા.૧૬/૬/૨૦૨૫ સોમવારના પવિત્ર દિવસે સંતો-ભક્તોની ભાવનાથી આમ્ર ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છની ૩૦૦ કિલો કેસર કેરીનો સિંહાસનમાં ઠાકોરજી સમક્ષ આમ્રકૂટ ગોઠવવામાં આવ્યો. જેમાં ભુજથી પધારેલ સંતો પૈકી સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ આમ્રોત્સવની દિવ્ય કથાનું શ્રવણ કરાવ્યું હતું. આ શુભ અવસરે સ્વામી કપિલમુનિદાસજીએ કહ્યું કે આપણા બાળકોને બાળપણથી સંસ્કાર આપવામાં આવે તો બાળક સત્સંગ, સમાજ અને રાષ્ટ્ર માટે કંઈક કરી શકે. ત્યારબાદ પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા અને અંતે થાણા સત્સંગ ભવનના સંચાલક પુ.સ્વામી હરિમુકુંદદાસજીએ સૌ હરિભક્તોએ સાથે મળીને આ આમ્રોત્સવનું આયોજન કર્યું છે. એજ આપણી એકતા છે ને આગળ પણ આવા ઉત્સવો સાથે મળીને કરીએ એવી ભાવના વ્યક્ત કરી. આ સમગ્ર ઉત્સવનું સંચાલન સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા સ્વામી બાલમુકુંદદાસજીએ કર્યું હતું.

**ખારેક ઉત્સવ લોગો વિમોચન :-** તા.૨૮/૬/૨૦૨૫ શનિવાર, અષાઢ સુદ-૩ ના દિવસે કચ્છની મીઠી મધુરી ૪૦૦ કિલો ખારેક ભગવાન આગળ ધરવામાં આવી જેની સેવા નાના હરિભક્તોએ મળીને કરી હતી. ખારેક ઉત્સવની આરતી બાદ નિત્યનિયમ પૂર્ણ કરી સત્સંગ સભામાં વક્તા પુ.સ્વામી હરિમુકુંદદાસજીએ વ્યાસાસને બિરાજી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી વચનામૃતના માધ્યમે કથા શ્રવણ કરાવી હતી. બાદમાં સંતોના આશીર્વાદમાં પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ




દેવશયની એકાદશીના દિવસે સમૂહ મહાપૂજાનું આયોજન કરાયું હતું.

સ્વામિનારાયણ ભગવાન ને મુક્તોનું ષોડશ ઉપચારોથી પૂજન એટલે મહાપૂજા એમાં ૨૦૦ થી વધારે ભાઈઓ અને બહેનોએ લાભ લીધો હતો. મહાપૂજા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કરાવી



કહ્યું કે ભગવાન આ પૃથ્વી પર આવીને ભક્તોની ભાવનાને પૂર્ણ કરવા ચરિત્રો કરી ઉત્સવોની ભેટ આપી છે. વિલેપાર્લે વિશ્રાંતિ ભવનના સંચાલક સદ્‌ગુરુ પુ.સ્વામી શાંતિપ્રિયદાસજીએ આશીર્વાદ સાથે કહ્યું કે આ સત્સંગ ભવનનો ઉત્સવ આવી રહ્યો છે તેમાં તન-મન-ધનથી સેવા કરી ભગવાનનો રાજીપો મેળવજો.

અંતમાં થાણા સત્સંગ ભવનને આગામી વર્ષે ૧૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે તેમના ઉત્સવનો લોગો વિમોચન થાણા સત્સંગ ભવનના સંચાલક પુ.સ્વામી હરિમુકુંદદાસજી, સદ્‌ગુરુ પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી, પુ.સ્વામી જયકૃષ્ણદાસજી, વિલેપાર્લેના કોઠારી સ્વામી નિર્ભયજીવનદાસજી, થાણા સત્સંગ ભવનના ટ્રસ્ટીશ્રીઓ તેમજ અલગ અલગ વિસ્તારોમાંથી પધારેલા આગેવાન હરિભક્તોના વરદ્‌હસ્તે કરાયો. જે ઉત્સવનું નામ "શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ" તા.૧ થી ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ છે.

ખારેક ઉત્સવ અને લોગો વિમોચનની સંપૂર્ણ તૈયારી સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી અને કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ કરી હતી.

**સમૂહ મહાપૂજા :-** થાણા સત્સંગ ભવનના ૧૫ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે "શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ"ના ઉપક્રમે ચાતુર્માસના પ્રારંભે તા.૬/૭/૨૦૨૫ રવિવાર અષાઢ સુદ-૧૧, હતી. અંતમાં પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ મહાપૂજાનો મહિમા કહ્યો હતો. જેની તૈયારી સ્વામી બાલમુકુંદદાસજી અને યવક મંડળના યુવાનોએ કરી હતી.

**વિશેષ હિંડોળા ઉદ્‌ઘાટન :-** શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણાને આંગણે આવી રહેલ "શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ" ઉપક્રમે વિશેષ હિંડોળા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૦/૭/૨૦૨૫ રવિવારના રોજ પુ.સ્વામી જયકૃષ્ણદાસજી, શા.સ્વામી દેવચરણદાસજી, પુ.સ્વામી શાંતિસ્વરૂપદાસજી આદિ સંતો અને યશસ્વી યજમાનોના વરદ્‌હસ્તે હિંડોળા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ શુભ અવસરે તા.૧૯ થી ૨૧ જુલાઈ ૨૦૨૫ ત્રિ-રાત્રી સત્સંગ સભા 'ભજન એજ ભરોસો' વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ભગવાન ઉપર ભરોસો રાખવાથી જીવનમાં કેવી રીતે સફળતા મળે



છે, પછી ભરોસો એજ પછી ભજન બની જાય છે. આ પ્રસંગે વિલેપાર્લેથી સંતો પધાર્યા હતા. શા.સ્વામી દેવચરણદાસજી, પુ.સ્વામી શાંતિસ્વરૂપદાસજી, પુ.સ્વામી દેવનંદનદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભાના અંતે હિંડોળાના યજમાનશ્રીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સત્સંગ ભવનને ૧૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે એ નિમિત્તે વિશેષ થર્મોકોલથી શણગારવામાં આવ્યું.૧૫ હિંડોળામાં ભગવાનને ઝુલાવવામાં આવ્યા. મંદિર શણગારવાની સેવા સ્વામી બાલમુકુંદદાસજી અને યુવક મંડળના યુવાનોએ કરી હતી. હિંડોળાની સેવા માટે ખાસ રાપરથી સાં.યો.બહેનો પધાર્યા હતા અને સાથે યુવતી મંડળના બહેનો પણ હિંડોળા બનાવવાની સેવા કરી હતી. આ સમગ્ર ઉત્સવનું સભા સંચાલન પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ કર્યું હતું.

**કમલમ્ ઉત્સવ :-** ચાતુર્માસ અંતર્ગત શ્રાવણ માસમાં પવિત્રા એકાદશી તા.૫/૮/૨૦૨૫, મંગળવારના દિવસે ૬૦૦ કિલો કમલમ્ ભગવાન આગળ ધરાવવામાં આવ્યા. ઉત્સવની આરતી બાદ નિત્યનિયમ કરી સત્સંગ સભામાં સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સંકલ્પની તાકાત કેવી છે એના પર કથા કરી હતી. ત્યારબાદ સ્વામી વ્રજજીવનદાસજીએ પ્રવચનમાં કહ્યું કે શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાને આપણને સુખી કરવા માટે આજ્ઞા કરી છે. તેને જીવનમાં ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરીએ. આ ઉત્સવમાં નાના નાના હરિભક્તો સેવા કરી લાભ લીધો. અંતમાં બધા ભક્તોને કમલમ્‌નો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

**જન્માષ્ટમી મહોત્સવ :-** શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણાને આંગણે આવી રહેલ ''શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ'' ના ઉપક્રમે જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૧૪ થી ૧૬ ઓગષ્ટ ૨૦૨૫ ત્રણ દિવસ જન્માષ્ટમી મહોત્સવના વકતા શા.સ્વામી ભક્તવત્સલદાસજીએ વ્યાસાસને બિરાજીને ભગવાના દિવ્ય ચરિત્રોની કથા સંભળાવી હતી. જેમાં દ્વિતીય દિવસે થાણા વિસ્તારમાં રહેતા બહેનો હરિભક્તોએ ઘરે ઘરેથી રાંધણ છઠ્ઠના દિવસે બનાવેલું ઠંડુ ભોજન એવા અલગ અલગ ૧૦૦ વાનગીઓ લાવી ભગવાનની આગળ અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. તૃતીય દિવસે એટલે કે જન્માષ્ટમીના દિવસે સત્સંગ ભવનને ૧૫ વર્ષ પૂર્ણ થાય છે એ નિમિત્તે ૧૫ મટકી ફોડ રાખવામાં આવી હતી જેની હરિભક્તોએ સેવા સ્વીકારી હતી અને ભગવાનના પ્રાગટ્યની આરતીની ઉછાવણીમાં ઊંચો આંક આપી પરમ ભક્ત હિરજી લાલજી બારવડીયા સુપુત્રો ધનજીભાઈ, લક્ષ્મણભાઈ અને હિરજીભાઈ પરિવારે સેવા સ્વીકારી હતી.

આ પ્રસંગે ભુજથી પધારેલ ડો.સ્વામી સત્યપ્રસાદદાસજી આશીર્વાદ પાઠવતા કહ્યું હતું કે આપણી સંસ્કૃતિ સંસ્કાર પ્રમાણે આપણા ઉત્સવોને સાત્ત્વિક રીતે ઉજવવા પાશ્ચાત્ય વિકૃતિ ન આવે એનું ધ્યાન રાખવું જેથી આપણો દિવ્ય વારસો જળવાઈ રહે. બાદમાં પુ.સ્વામી પરમહંસદાસજીએ કહ્યું કે આપણા માટે સંતો આવા ઉત્સવોને સત્સંગના માધ્યમથી ભગવાનને ગમે એવા બનાવવા પ્રયત્નો કરે છે તેમાં સહભાગી થઈ તમે બધા ભગવાનને ગમે એવું જીવન બનાવો એવી ભલામણ કરી હતી.

રાત્રે ૧૨ વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્યોત્સવની આરતી સંતો અને યજમાનો દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી એ નંદોત્સવનો દિવ્ય લાભ લીધો

હતો. અને છેલ્લે ૧૫ મટકી ફોડ કરવાની હતી જેમાં ૮ મટકી બાલમંડળના બાળકો અને ૭ મટકી યુવક મંડળના યુવાનો દ્વારા ફોડવામાં આવી હતી. ખૂબ દિવ્ય આનંદ સૌ હરિભક્તો માણ્યો અને અંતે ભગવાનને પારણામાં ઝુલાવી પંચાજીરીનો પ્રસાદ લઇ છૂટા પડ્યા હતા.



**મહિલા સત્સંગ સત્ર :-** જન્માષ્ટમી મહોત્સવમાં દરરોજ ૪ થી ૭ વાગ્યા સુધી રાપરથી પધારેલા પૂજ્ય સાં.યો.બહેનો દ્વારા મહિલા સત્સંગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પધારેલ બહેનોને સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા અને ઉપાસના મજબૂત થાય અને ગમે એવું આપણું જીવન બને એવી ભલામણ કરવામાં આવી હતી અને સાથે ધાર્મિક રમતોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા થયેલ બહેનોને સાં.યો.બહેનો દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આવી રીતે ત્રણ દિવસ સુધી બહોળી સંખ્યામાં બહેનો પધારી સત્સંગ સત્રનો લાભ લઇ જીવન ધન્યા બનાવ્યું હતું.

અ - સ્વામી બાલમુકુંદદાસજી

## બદ્રીનાથ શ્રીસ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ભગવાન શ્રીસ્વામિનારાયણે જે તપોભૂમિ ઉપર પોતાના પાવન ચરણો પધરાવ્યા છે અને શ્રીનરનારાયણ ભગવાન દિવ્ય સ્વરૂપે પ્રત્યક્ષ બિરાજે છે એવી પવિત્ર ભૂમિમાં અમદાવાદ કાલુપુર શ્રીનરનારાયણદેવ તાબાના મંદિરનો ૪૦ વર્ષ પહેલા પ.પૂ. આચાર્ય શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજે નિર્માણ કરાવેલું. સમય જતાં જીર્ણ થયું ત્યારે પ.પૂ. આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અને ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, પાર્ષદ શાસ્ત્રી માવજી ભગતની પ્રેરણાથી સુખપર-મદનપુર કચ્છના પ.ભ. કાન્તીભાઇ મુરજી મેપાણી, ધ.પ. પૂનમબેન, પુત્ર નીસ સમગ્ર પરિવારે સંપૂર્ણ મંદિર બાંધકામના યજમાનની સેવા સ્વીકારેલી હતી.

આ નૂતન મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ દિનાંક ૨૭ થી ૩૧....૨૦૨૫ દરમિયાન ઉજવવામાં આવ્યો. અમદાવાદથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પરિવાર સહિત પધાર્યા હતા. તેમજ ભુજધામથી સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ ૫૫ જેટલા સંતો પધાર્યા









હતા. તથા અમદાવાદ દેશના અનેક ધામોમાંથી સંતો પધાર્યા હતા. અ-સ્વામી સુખનંદનદાસજી

## શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સરસ્વતી સન્માન સમારોહ

તા.૬/૭/૨૦૨૫ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સુખપર, તા.ભુજમાં સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજથી સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી તથા સ્વામિનારાયણ વિદ્યાલય ભુજથી શા.સ્વામી હરિવલ્લભદાસજી તથા સ્વામી અક્ષરમુક્તદાસજી, સંસ્થાના પ્રમુખશ્રી શિવજીભાઈ પાધરા, મંત્રી જેન્તીભાઈ રાબડીયા, ખજાનચી કાનજીભાઈ વાગડીયા તથા ટ્રસ્ટીશ્રી જનકભાઈ ભટ્ટ આદિ ટ્રસ્ટીશ્રીઓએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી ત્યારબાદ ઋષિકુમારો દ્વારા સંસ્કૃતમાં સ્વાગત ગીત તથા પુષ્પહારથી સંતો અને અતિથીઓનું સન્માન કરવામાં આવ્યું.

ત્યારબાદ પાઠશાળાના પ્રધાનાચાર્યશ્રી દુર્ગેશભાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે વિદ્યાર્થી જ્ઞાનની પીપાસા સાથે પાઠશાળામાં આવે અને સેવાની પીપાસા સાથે વિદાય લે. પાઠશાળા જ્ઞાન અને વિદ્યા સંસ્કારનું કેન્દ્ર છે. ત્યારબાદ શાળાનો પરિચય આપ્યો. પાઠશાળાના પ્રેરણાદાતા ભુજ મંદિરના મહંત અ.નિ.સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી અને પાઠશાળાના અધ્યક્ષ ગુલાબશંકર મારાજનું સ્મરણ કરાવ્યું અને ધોરણ ૯ થી ૧૨ ના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કર્યા.

ધોરણ ૯ માં (૧) આચાર્ય વંશ. (૨) ઓઝા ગોપાલ. (૩) બુઝડ પ્રિન્સ.

ધોરણ ૧૦ માં (૧) વ્યાસ માહિર. (૨) પંડ્યા જીત. (૩) જોશી પ્રેમ.

ધોરણ ૧૧ માં (૧)જોશી યુગ. (૨) જોશી મિત. (૩) બાલાસરા ઉજ્જવલ. ધોરણ ૧૨ માં (૧) રાજગોર માધવ. (૨) જોશી પ્રતિક. (૩) ઓડીચ અશ્વિન.

ત્યારબાદ બે વિદ્યાર્થીઓએ પોતાનો ભાવ રજૂ કર્યો. સંસ્કૃતમાં ભગવાન શિવ તત્ત્વ ઉપર બાલાસરા ઉજ્જવલ અને વેદ ઉપર અંગ્રેજીમાં જોશી દેવે પ્રવચન આપ્યું હતું.

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે "ગુરુવંદના" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે "ગુરુવંદના" કાર્યક્રમની ભાવભેર ઉજવણી કરવામાં આવી જેમાં કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી ત્યારબાદ સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજીનું શાળા પરિવાર વતી ગુરુ પૂજન

કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોની ગુરુવંદના કરીને ભેટ આપવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુવંદના આધારિત નૃત્ય, નાટક અને ગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. અને ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ માટે ગુરુપૂર્ણિમાના આધારે વકતુત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામી દિવ્યપ્રકાશદાસજી દ્વારા જીવનમાં ગુરુના મહત્ત્વ વિશેની વાત કહી હતી. આ કાર્યક્રમમાં શાળા સંચાલક વતી સંતો, શાળાના આચાર્ય સાકેતસિંઘ તથા પંકજ રાજગોર ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સર્વે શિક્ષકો કાર્યક્રમમમાં સહભાગી બન્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન દિવેશ મોઢ દ્વારા કરવામાં આવ્યું હતું.



## શાળા પ્રવેશોત્સવની ઉજવણી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં શૈક્ષણિક સત્ર ૨૦૨૫/૨૬ માં નવા પ્રવેશ મેળવેલ ૨૦૦ વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું. ત્યારબાદ સંતો, ટ્રસ્ટીશ્રીઓ અને આચાર્યશ્રી દ્વારા નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને તિલક-ચાંદલો, મીઠાઈ અને પ્રતિક ભેટ દ્વારા શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંચાલક સ્વામી ધર્મચરણદાસજી દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્તમાં રહીને શિક્ષણ મેળવવાની શીખ આપી હતી. શાળાના આચાર્ય પંકજ રાજગોર દ્વારા સર્વે વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળા સંચાલક મંડળ વતી સંતો, ટ્રસ્ટીશ્રીઓ નવિનભાઈ પાંચાણી, શિવજીભાઈ વેકરીયા, ગોવિંદભાઈ હાલાઈ, શામજીભાઈ પિંડોરીયા, મુકેશભાઈ વેકરીયા, આચાર્ય સાકેતસિંઘ તથા પંકજ રાજગોર ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સર્વે શિક્ષકો કાર્યક્રમમમાં સહભાગી બન્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન દિવેશ મોઢ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાળાના તેજસ્વી તારલાઓનું સરસ્વતી સન્માન

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ શાળાનું વર્ષ ૨૦૨૪/૨૫ નું ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ નું ૧૦૦% પરિણામ આવ્યું છે. જેમાં શાળાના ૪ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડમાં જ્યારે ૭ વિદ્યાર્થીઓ A-2 ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. ધોરણ-૧૨ સાયન્સમાં હિરાણી ટ્વિંકલ 82%, સેંઘાણી ધ્રુવ 82%, કેરાઈ વિનિત 79%, ધોરણ-૧૨ કોમર્સમાં પોકાર તન્મય 91%, પિંડોરીયા દિવ્યમ 90%, ગાજીપરા ક્રિષ્ના 90%, જાડેજા ગૌરવસિંહ 83%, વેકરીયા ખુશાલ 82%, ધોરણ-૧૦ માં સોઢા હિંમતસિંહ 92%, વેકરીયા પ્રિન્સી 83%, ચાવડા જીત 80%, મેળવીને શાળાનું નામ રોશન કર્યું હતું.

સાથે શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળાનું વર્ષ ૨૦૨૪/૨૫ નું ધોરણ ૧૦ અને ૧૨ નું ૧૦૦% પરિણામ આવ્યું છે. જેમાં શાળાના ૫ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડમાં જ્યારે ૧૫ વિદ્યાર્થીઓએ A-2ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. ધોરણ-૧૦ માં ખાણધર અંકિતા હેમરાજ 98.52PR, ગઢવી દેવેન વિશ્રામ 98.10PR, જાડેજા સત્યજિતસિંહ 97.76PR, સેંઘાણી હર્ષિલ 95.49PR, જાડેજા પ્રિન્સરાજસિંહ 92.36PR, રાજગોર રુદ્ર 92.17PR, નાકરાણી વેદ 88.12PR, હિરાણી સ્મિત 88.01PR, પોકાર શ્યામ 88.01PR, હિરાણી પ્રીત

87.17PR, આહિર તરૂણ 87.17PR, હડિયા પારસ 86.74PR, કેરાઈ મિતલ 84.46PR, જોશી મીત 84.23PR, પટેલ મન 81.57PR, કાનડે હિત 81.07PR, સાથે ઉતીર્ણ થયા છે.

જ્યારે ધોરણ-૧૨ કોમર્સ વિભાગમાં સોઢા રામસિંહ 97.58PR, રબારી ભીખાભાઈ 94.61PR, રબારી મહેશ 86.07PR, પેડવા રિશી 85.83PR, વરચંદ મયંક 83.23PR મેળવીને શાળાનું નામ રોશન કર્યું હતું.

આ સોનેરી સફળતા બદલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં ઉચ્ચ ગુણાંક મેળવીને શૈક્ષણિક સિદ્ધિ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન પ્રમાણપત્ર અને ભેટ આપીને કરવામાં આવ્યું હતું. ગુરુકુળ સંચાલિત બંને શાળામાં ધોરણ-૧૦ અને ૧૨ નું ૧૦૦% પરિણામ મેળવવા બદલ શાળાના આચાર્યશ્રી સાકેતસિંઘ અને પંકજ રાજગોર સાથે બોર્ડ ધોરણમાં ભણાવતા બધા જ વિષય શિક્ષકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંચાલક સ્વામી ધર્મચરણદાસજી દ્વારા શિક્ષણમાં સફળતાની સાથે નૈતિકતા અને નિયમિતતાની શીખ આપી હતી. આ કાર્યક્રમમાં શાળા સંચાલક મંડળ વતી સંતો, ટ્રસ્ટીશ્રીઓ નવિનભાઈ પાંચાણી, શિવજીભાઈ વેકરીયા, જાદવજીભાઈ ગોરસીયા, ગોવિંદભાઈ હાલાઈ, રવજીભાઈ કેરાઈ, હરજીભાઈ વેકરીયા, શામજીભાઈ પિંડોરીયા, મુકેશભાઈ વેકરીયા, આચાર્ય સાકેતસિંઘ તથા પંકજ રાજગોર દ્વારા સફળતા મેળવેલ દરેક વિદ્યાર્થીઓને અભિનંદન આપવામાં આવ્યા હતા. શાળાના સર્વે શિક્ષકો કાર્યક્રમમમાં સહભાગી બન્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન દિવેશ મોઢ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાળામાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામા સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર, કચ્છ યુવક સંઘ અને સંસ્કૃત ભારતી કચ્છના ઉપક્રમે સંસ્કૃત પ્રતિભા મંચનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી પંકજ રાજગોર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બંને શાળાના વિદ્યાર્થીઓએ સંસ્કૃત સમૂહ ગીત અને નૃત્યની રજૂઆત કરી હતી. જેમાં સમૂહ ગીત સ્પર્ધામાં અનુક્રમે દ્વિતીય અને તૃતીય ક્રમાંક તેમજ નૃત્ય વિભાગમાં કાબરીયા ખુશીએ દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો. જે સર્વેને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્કૃત વિભાગમાંથી અમિતભાઈ ગોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને સરળ ભાષામાં વાર્તા દ્વારા સંસ્કૃત ભાષાના મહત્ત્વ વિશેની વાત કરી હતી. સંસ્કૃત વિભાગ વતી સંસ્કૃત મહોત્સવમાં પ્રમુખ સહયોગી સંસ્થા તરીકે ગુરુકુળનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુરુકુળ વતી સંચાલક સંતો, ટ્રસ્ટીશ્રી શિવજીભાઈ વેકરીયા, નવિનભાઈ પાંચાણી, મેઘજીભાઈ ભુડિયા, શાળા આચાર્યશ્રી સાંકેતસિંઘ અને પંકજ રાજગોર સાથે શાળાના સર્વે શિક્ષકો અને સંસ્કૃત સંભાષણ વર્ગ નારાણપરના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળા શિક્ષકશ્રી દિવેશ મોઢ દ્વારા અને આભારવિધિ સંસ્કૃત શિક્ષિકા ડિમ્પલબેન ગોર દ્વારા કરવામાં આવી હતી.

## શાળામાં જન્માષ્ટમીની ઉજવણી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.) અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામા આ પ્રસંગે સૌ પ્રથમ આરતી થયા બાદ મટકીફોડ અને રાસોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સૌ વિદ્યાર્થીઓ હોંશભેર જોડાયા હતા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી દ્વારા કૃષ્ણમય જીવન કેવી રીતે બનાવી શકાય એની વાત રજૂ કરી હતી. ઉપરોક્ત કાર્યક્રમમાં દરેક સંચાલક સંતો સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી



ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી સાંકેતસિંઘ અને પંકજ રાજગોર સાથે શાળાના સર્વે શિક્ષકો જોડાયા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળા શિક્ષકશ્રી દિવેશ મોઢ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ કુસ્તીમાં જિલ્લા કક્ષાએ તમામ વિભાગોમાં વિજેતા થઇ ૨૧ સુવર્ણ અને ૮ રજત ચંદ્રકો મેળવી અવ્વલ

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધાનું આયોજન તા.૩/૮/૨૫ ના કરાયું હતું. જેમાં અંડર-૧૪-૧૭-૧૯ એમ ત્રણેય વિભાગની અલગ અલગ વજનની ગ્રુપ સ્પર્ધામાં ભાગ લઈ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં ૨૧ પ્રથમ નંબરે (ગોલ્ડ મેડલ) અને ૮ દ્વિતીય નંબરે (સિલ્વર મેડલ) આમ કુલ્લ ૨૯ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે જે હવે રાજ્યકક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂ.મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.




## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ હેન્ડબોલમાં વિજેતા

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન તા.૨૨/૮/૨૫ ના કરાયું હતું. જેમાં અંડર-૧૭-૧૯ એમ બંને કક્ષામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ પ્રથમ ક્રમે જીત મેળવી છે. જે હવે રાજ્યકક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂ.મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈફઈ સહ

સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.





## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ યોગમાં જિલ્લા કક્ષાએ તમામ વિભાગોમાં વિજેતા થઇ ૮ સુવર્ણ અને ૬ રજત અને ૨ કાંસ્ય ચંદ્રકો મેળવી મોખરે

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની યોગ સ્પર્ધાનું આયોજન તા.૪/૮/૨૫ ના કરાયું હતું. જેમાં અંડર-૧૪-૧૭-૧૯ એમ ત્રણેય કક્ષામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ વ્યક્તિગત વિભાગમાં ૨-સુવર્ણ, ૨-રજત, ૨-કાંસ્ય, ટ્રેડીશનલ વિભાગમાં ૩-સુવર્ણ અને ૨-રજત, રિધેમેટિક વિભાગમાં ૩-સુવર્ણ, ૨-રજત ચંદ્રક મેળવી કુલ્લ ૧૬ ચંદ્રકો સાથે વિજેતા થયેલ છે. જે હવે રાજ્યકક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.



દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂ.મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## સુખપર ગામે વધુ એક સનાતની મંદિરનું ભૂમીપૂજન

ભુજ તાલુકાના સુખપર ગામે શ્રીનરનારાયણદેવ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા એક વિશાળ સનાતની મંદિર બનવા જઈ રહ્યું છે.

આ નૂતન મંદિર મુખ્ય દાતા લાલજીભાઈ દેવજી પટેલ છે. દાતા પરિવાર અને ભુજ મંદિરના સંતોએ ગામના અગ્રણીઓ અને હરિભક્તોની ઉપસ્થિતિમાં નૂતન મંદિરનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય મંદિરમાં ભગવાન શિવ, ગણેશજી અને હનુમાનજીની મૂર્તિઓ પ્રસ્થાપિત કરવામાં આવશે.

અ - રમેશ વેકરીયા

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સીડની-ઓસ્ટ્રેલિયા નવ દિવસીય પારાયણનું આયોજન થયું



શ્રીસ્વામિનારાયણ ભુજ સીડની ઓસ્ટ્રેલિયા મંદિરમાં સર્વ પિતૃઓની પુણ્ય સ્મૃતિમાં નવ દિવસના સામૂહ શ્રીમદ્ ભાગવત મહાપુરાણ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરાયું હતું. દિનાંક ૨૬ જુલાઈથી ૩ ઓગષ્ટ દરમિયાન આ મહોત્સવ યોજાયો હતો. પ્રથમ દિવસે સવારે ૮ વાગ્યે ગણેશજી તથા વિષ્ણુ ભગવાનના સ્થાપના બાદ મંદિરના પાર્કિંગ સ્થળેથી લેઝીમ, બેન્ડના નાદે વાજતે ગાજતે પોથીઓનું





પૂજન કરી યજમાનશ્રીઓ પોતાના મસ્તક ઉપર ધારી લાવ્યા હતા. મુખ્ય વ્યાસપીઠ ઉપર શ્રીમદ્ભાગવત શાસ્ત્ર પધરાવી વ્યાસરૂપ વક્તાશ્રીનું તેમજ પોથીજીનું યજમાનશ્રીઓ દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. પુ.વક્તા સ્વામી દેવવિહારીદાસજી તથા શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ભાગવત કથાનું શ્રવણ કરાવ્યું હતું. રાત્રે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથા દરમિયાન બાર બહેનો ભક્તો અને સાત યુવાન



હરિભક્તો એક આસને બેસી શ્રીમદ્ભાગવતની બે મૌન પારાયણો કરી હતી. તા.૨૮ ના સાંજે કથા બાદ પાંચમ હોવાથી શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવ્યું હતું. સાંજે કથા દરમિયાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. રવિવારના સવારે મહાપૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બહેનો તથા પુરુષો, બાળકો હરિભક્તો એ લાભ લઈ ધન્ય થયા હતા. કથા પૂર્ણાહુતિના દિવસે શ્રીમદ્ભાગવતના યજમાનો થયા હતા એ દરેકને પહેરામણી કરવામાં આવી હતી. આ ભાગવત કથા દરમિયાન ગરીબો માટે કપડાં તેમજ રાશન વિતરણ કરાયું હતું. તેમજ ગાયો માટે ચારો અને પક્ષીઓ માટે ચણની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. છેલ્લે મંદિરના પ્રમુખશ્રી પ.ભ.ધનજીભાઈ વરસાણીએ આભારવિધિ કરી હતી. આ કાર્યમાં સંગીતકાર ભક્તો તેમજ મિડિયા ટીમ ભક્તો, પાર્કિંગ તેમજ અન્ય જે જે સેવાના વિભાગો હતા એમાં જોડાયેલ ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. પધારેલ જે સંતો શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, પુરાણી સ્વામી સુવ્રતમુનિદાસજી, પુરાણી સ્વામી મુકુંદમુનિદાસજી આદિ સંતોએ કથા દરમિયાન દરેક ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સંતો બે દિવસ ન્યૂકાસલ પધાર્યા હતા અને એક દિવસ ઓસ્ટ્રેલિયાની રાજધાની કેનબેરા પધારી ત્યાં રહેતા કચ્છના હરિભક્તોને સત્સંગ કથા વાર્તાનો લાભ આપ્યો હતો.

અ - નિતિન હિરાણી

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ, મેલબોર્ન મધ્યે સમૂહ શ્રીમદ્ભાગવત મહાપુરાણ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ મેલબોર્ન ઓસ્ટ્રેલિયા મંદિરમાં સર્વે પિતૃઓની સ્મૃતિમાં દિનાંક ૧૧ થી ૧૭ ઓગષ્ટ ૨૦૨૫ દરમિયાન ૭ દિવસના સમૂહ શ્રીમદ્ભાગવત મહાપુરાણ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરાયું હતું.

પ્રથમ દિવસો ગણેશજી તથા વિષ્ણ






ભગવાનની સ્થાપના બાદ પોથીયાત્રા નીકળી હતી. લેઝીમ, બેન્ડના નાદે વાજતે ગાજતે યજમાનશ્રીઓએ પોતાના મસ્તક ઉપર પોથીઓ ધારણ કરી મંદિર આગળની શેરીમાંથી થઈ મંદિરે લાવ્યા હતા.

મુખ્ય વ્યાસપીઠ ઉપર શ્રીમદ્ભાગવત શાસ્ત્ર પધરાવી વ્યાસરૂપ વક્તાશ્રીનું તેમજ પોથીજીનું યજમાનશ્રીઓ દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. વક્તા પૂ.સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા પૂ.સ્વામી દેવવિહારીદાસજીએ ભાગવત કથાનું શ્રવણ કરાવ્યું હતું. પારાયણ દરમિયાન દરરોજ વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું હતું. શિવપૂજન, ગૌપૂજન, ગોવર્ધન મહોત્સવ, સૂકામેવાથી ભાગવત શાસ્ત્ર અભિષેક, શનિવારે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી હોવાથી જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આજના દિવસે શ્રીઘનશ્યામ મહારાજનો કેસરજળથી અભિષેક, રાસોત્સવ, મટકીફોડ વિગેરે કરવામાં આવ્યા હતા. રાત્રે ૧૨ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની મહાઆરતી સાથે પ્રાગટ્યની આરતી કરવામાં આવી હતી.

રવિવારના સવારે સપ્તાહ પારાયણનું સમાપન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં બહેનો તથા પુરુષો, બાળકો, હરિભક્તો એ લાભ લઇ ધન્ય થયા હતા. કથા પૂર્ણાહુતિના દિવસે શ્રીમદ્ભાગવત કથાના યજમાનો થયા હતા એ દરેકને પહેરામણી કરવામાં આવી હતી. આ ભાગવત કથા દરમિયાન ગરીબો માટે રાશન વિતરણ કરાયું હતું તેમજ રાપર મંદિરની ગાયો માટે ચારાની પણ સેવા કરવામાં આવી હતી. છેલ્લે મંદિરના મંત્રીશ્રીએ આભારવિધિ કરી હતી. આ કાર્યમાં જે જે સેવાના વિભાગો હતા એમાં જોડાયેલ ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. પધારેલ સંતો શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, પુરાણી સ્વામી સુવ્રતમુનિદાસજી, પુરાણી સ્વામી મુકુંદમુનિદાસજી આદિ સંતોએ આ કથા દરમિયાન દરેક ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સંતો બે દિવસ બ્રિસ્બેન શહેર અને એક દિવસ અલબરી ગામે પધારી ત્યાં રહેતા કચ્છ ગુજરાતના હરિભક્તોને સત્સંગ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

અ - મંત્રીશ્રી ડિકેશભાઈ વેકરીયા

## શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન-હેરો સામાન્ય સભા

શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન-હેરો મધ્યે હિંડોળા ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. વિશેષપણે મંદિરમાં સીલિંગ, મંદિરમાં નવી એ.સી., સાઉન્ડ, બહેનોના બાજુ લિફ્ટ વિગેરે કામ ચાલુ હોવાથી દર વર્ષની જેમ સમૂહ કથાની જગ્યાએ મંદિર તરફથી એક સામાન્ય પારાયણ રાખેલ જે ભક્તચિંતામણી અંતર્ગત 'મારા જનને અંતકાળે' એવી સાત દિવસની પારાયણ રાખેલ જેના યજમાન સ્વયં શ્રીઘનશ્યામ મહારાજ રહ્યા હતા. આ ઉત્સવમાં હરિભક્તો સ્વયં પોતાના ભાવથી સેવા કરેલી હતી.

બીજું ખાસ જણાવવાનું કે રવિવાર તા.૧૩/૭/૨૦૨૫ ના દિવસે આપણા મંદિરની વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવેલ હતી. જેમાં ટ્રસ્ટી હરીશભાઇ કરસન જેશાણીએ ટ્રસ્ટનો અહેવાલ વાંચી

સંભળાવ્યો અને ત્યારબાદ શ્રીરસીકભાઇ સામજી વેકરીયાએ આવક-જાવકનો હિસાબ વાંચી સંભળાવેલ.

પ્રમુખશ્રી સુરેશભાઇએ બધાય સેવા કરી અને કરતા રહે એવી નમ્ર અપીલ કરેલ અને બધા હળીમળીને સાથે રહીશું તો મંદિરની અને ઘનશ્યામ મહારાજની શોભા વધારી શકશું, ગત વર્ષે સેવા કરેલ સભ્યોને સુરેશભાઇ રાબડીયાએ આભાર વ્યક્ત કરેલ. ખાસ કરીને અ.નિ.મનસુખભાઇ કરસન વાઘજી(માયાણી) જે માજી કમિટી અને ટ્રસ્ટીમંડળના સભ્ય રહેલા તેની સેવાની નોંધ અને સેવા બિરદાવેલ હતી.

ત્યારબાદ ચૂંટણી કમીશનર નિયુક્ત કરવામાં આવેલ અને તેના હેઠળ આવતી એક વર્ષની કમિટીની ચૂંટણી કરવામાં આવેલ જે નીચે મુજબ ચૂંટાયેલ છે.

મુખ્ય હોદેદારો :- પ્રમુખશ્રી સુરેશભાઇ શિવજી રાબડીયા-માંડવી, ઉપપ્રમુખશ્રી કાનજીભાઇ મનજી કેરાઇ-રામપર, મંત્રીશ્રી રીકીનભાઇ દિનેશ કેરાઇ-માંડવી, સહમંત્રીશ્રી મિતેશભાઇ નારાણ આશાણી-વેકરા, સંયુક્ત ખજાનચીશ્રી લલિતભાઇ કરસન ભંડેરી-માંડવી, સંયુક્ત ખજાનચીશ્રી રસીકભાઇ સામજી વેકરીયા-સુરજપુર.

સભ્યો :- મનજીભાઇ કેસરા હિરાણી-સુખપર-રોહા, નિલેશભાઇ હરીશ જેશાણી-દહીંસરા, અરવિંદભાઇ કરસન ભંડેરી-માંડવી, ધીરજભાઇ ધનજી પટેલ-વાડાસર, માવજીભાઇ શિવજી વરસાણી-સામત્રા, ભાવેશભાઇ દિનેશ કરસન-દહીંસરા, ડિલનભાઇ ખીમજી હાલાઇ-ગોડપર, હર્ષદભાઇ વાલજી મેપાણી-બળદિયા, કરસનભાઇ ધનજી રાબડીયા-રામપર, વિકાસભાઇ રજનીકાંત પટેલ-વાડાસર, વિવેકભાઇ ઉપેન્દ્રસિંહ પરમાર-મૂળી.

અ - પ્રમુખશ્રી સુરેશભાઇ શિવજી રાબડીયા તથા મંત્રીશ્રી રીકીનભાઇ દિનેશ કેરાઇના જય શ્રીસ્વામિનારાયણ

## ઓસ્ટ્રેલિયા ન્યુકાસલ શેષનોક

ઓસ્ટ્રેલિયા ન્યુકાસલ શેષનોક સીડનીથી ૧૫૦ કી.મી. દૂર શહેરમાં હરિભક્તો પોતાના નાના મોટા વ્યવસાય સાથે રહે છે. અને દર શુક્રવારે હોલ ભાડે કરી સત્સંગ કરે છે. દર શનિવારે સીડની મંદિરમાં ચાલતી સત્સંગ સભામાં હાજરી આપી પોતાના



સત્સંગને મજબૂત કરે છે. બાળકો સત્સંગ કલાસમાં હાજરી આપે છે. જ્યારે મંદિરથી સંતો ઓસ્ટ્રેલિયા સત્સંગ વિચરણમાં પધારે ત્યારે આ શેષનોક અવશ્ય પધારી સત્સંગ કથાવાર્તાનો લાભ આપે છે. દિનાંક ૨૩/૨૪ ઓગષ્ટ ૨૦૨૫ બે દિવસ દરમિયાન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી આ ચાર સંતો પધાર્યા હતા. અને હંટર હોલમાં થતી સત્સંગ સભામાં પધારી સત્સંગનું ખૂબજ બળ આપી રાજી કર્યા હતા. અને સંતોની આજ્ઞા મુજબ સીડની તથા શેષનોકના હરિભક્તો મળી રાપર મંદિરની ગાયોના ઘાસચારા પેટે ૩૬ ગાડી ચારાની સેવા કરી હતી. દરેક હરિભક્તોને ઘેર સંતોએ શ્રીઠાકોરજીની પધરામણી કરી હતી. સંતો અમારા નાના હરિભક્તોના સત્સંગ, ભજન, સેવા-ભાવના જોઇ રાજી થયા હતા અને શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ ધર્મ-નિયમમાં રહી યોગ્ય વ્યવસાય કરી શ્રીનરનારાયણદેવની નિષ્ઠા રાખવા અનુરોધ કર્યો હતો.

ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના આશીર્વાદથી બધા ભક્તો સંપી સત્સંગ કરીએ છીએ અને સંતો આવે ત્યારે વિશેષ લાભ લઇ અમારા વ્યક્તિગત જીવનને મજબૂત કરીએ છીએ. ગુજરાતી ભાષા બાળકોમાં આવે એવા પ્રયાસો કરીએ છીએ. કારણ કે ભાષા સંસ્કૃતિની નજીક રાખે છે. અને સંતો પણ એજ ભલામણ કરતા હોય છે. સ્થાનિક પ.ભ.જયેશભાઇ ગલિયારા, નાનજીભાઇ જેશાણી, નારાણભાઇ ગોરસીયા, નારાણભાઇ વેકરીયા વિગેરે હરિભક્તોના માર્ગદર્શન મુજબ સત્સંગ ચાલે છે.

અ - ગોપાલભાઇ પરબત હાલાઇ

## આધોઇમાં અવતારી

- સાધુ સંતસ્વરુપદાસ

બાળમિત્રો ! જય સ્વામિનારાયણ, ભગવાન શ્રીહરિ કચ્છની ધરાને પાવન કરતા નિષ્કુળાનંદ સ્વામીનું દીક્ષા સ્થાન એવા પવિત્ર આધોઇ ગામમાં પધાર્યા.

એક સમયે ભગવાન શ્રીહરિ રાપર થઇને ગામ આધોઇ પધાર્યા. ત્યાંના ભક્તરાજ લાધાજી દરબાર. તેમના દરબારમાં બે મહિના સુધી રહ્યા. લાધાજી દરબારના ચાર દીકરા હતા. તેના નામ હતા. અદાજી, કલ્યાણજી, રામસંગજી અને રાયધણજી. ભગવાન શ્રીહરિ તેમના ઘેર રહીને અનેક પ્રકારની લીલા કરી હતી.

એક દિવસ શ્રીહરિ દરબારમાં ઢોલિયે બિરાજમાન હતા. ચારે ભાઇઓ આગળ બેઠા હતા. તેમને શ્રીહરિએ પૂછ્યું : ‘‘તમે ચાર ભાઇઓ છો, તેમાં બળિયો કોણ છે ?’’ ત્યારે ત્રણે ભાઇ બોલ્યા : ‘‘હે મહારાજ ! રાયધણજી બળિયા છે. તે આઠ નાળિયેર એક સાથે ભાંગી નાંખે છે. તે કેવી રીતે ? તો બે નાળિયેર બે બગલમાં રાખે, બે નાળિયેર બે કુણીઓને માંહીલે ભાગમાં રાખે, બે નાળિયેરને બે સાથળ અને કેડ વચ્ચે રાખે અને બે નાળિયેર બે પીડિયું અને સાથળ તેની વચ્ચે રાખે. આમ આઠ નાળિયેરોને ગોઠવી પછી ઊભા હોય તે બેસે એટલે એ આઠે નાળિયર એકીસાથે ભાંગી જાય. આમ એકી સાથે આઠ નાળિયરો ભાંગી નાંખે. અને વળી ચોવડી ઘોડાની રાસને ઢીંચણે બાંધીને તોડી નાંખે. એટલું જ નહિ મહારાજ ! સેલડીના સાંઠામાંથી તાણીને કાતરીને કાઢી નાંખે. અને જો ખરા રૂપમાં આવે તો સોપારીને પણ ચપટીમાં રાખીને સુડીએથી થાય તેવો સોપારીનો ચૂરો કરી નાંખે. એવા રાયધણજી ભાઇ બળિયા છે!’’

વાત સાંભળી શ્રીજીમહારાજે રાયધણજીને કહ્યું : ‘‘તમે તો બહુ બળિયા છો, તો જરા આ અમારા હાથનું કાંડું પકડો. જોરથી પકડજો સહજમાં છુટી ન જાય!’’ રાયધણજીએ કહ્યું : ‘‘મહારાજ ! તમારું શરીર તપે કરીને સાવ કૃશ થઇ ગયું છે. તેથી આપનું કાંડું પકડું તો આપને પીડા થશે. માટે આપનું કાંડું પકડવું એ મારે ઠીક નહિ.’’ શ્રીહરિએ કહ્યું : ‘‘તમે અમારી ચિંતા ન કરો. સુખેથી સારી રીતે અમારું કાંડું પકડો અને એમને પીડા થશે એવી બીક રાખશો નહિ.’’ ત્યારે રાયધણજીએ કહ્યું : ‘‘સારું મહારાજ ! લાવો આપનો હાથ’’ શ્રીજીમહારાજે જમણો હાથ લાંબો કર્યો. રાયધણજીએ એક હાથે કરીને શ્રીહરિનું કાંડું પકડ્યું. શ્રીહરિએ કહ્યું : ‘‘ભગત ! બે હાથે પકડો.’’ રાયધણજીએ બે હાથે બળપૂર્વક કાંડું પકડ્યું. શ્રીહરિએ કહ્યું : ‘‘પકડજો હો ?’’ એવી રીતે બે-ત્રણ વાર કહ્યું. રાયધણજીએ કહ્યું : ‘‘સારી પેઠે હાથ પકડ્યો છે. તમે છટકાવી નહિ શકો.’’

ભગવાન શ્રીહરિએ તો સહજમાં હાથ છટકાવી દીધો. ને તે રાયધણજીનો જમણો હાથ બગલમાં દબાવી પણ દીધો. ને પછી હાથને થોડો દબાવ્યો. રાયધણજી તો મુંઝાઇ ગયા. કાંઇ બોલી પણ શકયા નહિ. પછી શ્રીહરિએ રાયધણજીના મોઢા સામું જોઇને તેનો હાથ મૂકી દીધો. રાયધણજી તો ઘણી વાર સુધી કંઇ બોલ્યા વિના બેસી રહ્યા. પછી બોલ્યા : ‘‘મહારાજ ! મારા હાથનાં હાડકાં ભાગી ગયા. તમે તો બહુ બળવાન છો.’’ એમ કહીને હાથને ઝાલીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ‘‘અહીં આવો અને હાથ બતાવો અમે જોઇએ કે હાથમાં શું થયું છે ?’’ રાયધણજીએ આવીને પોતાનો હાથ દેખાડ્યો. શ્રીહરિ હાથ જોઇને કહ્યું : ‘‘હાથ તો કાંઇ ભાંગ્યો નથી. કંઇ થયું પણ નથી.’’ શ્રીહરિનો સ્પર્શ થતાં બધી પીડા મટી ગઇ.

પછી ચારે ભાઇઓ ઊઠીને છેટે જઇને બેઠા. શ્રીહરિએ કહ્યું : ‘‘છેટે કેમ બેઠા ?’’ રાયધણજીએ કહ્યું : ‘‘કૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણ ભગવાન અગ્યાર વર્ષના હતા ને હાથી, મલ્લ અને કંસાદિકનો પરાભવ કર્યો. તેનો સંશય હતો જે કેમ માર્યા હશે ?’’ તે સંશય ટળી ગયો. કેમ કે તમારું પરાક્રમ જોઇને અમને જણાણું જે તમે નાના પણ નથી ને કૃશ પણ નથી. તમે તો બહુ બળિયા છો. અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તનારાયણ છો. એવા આજે

અમે તમોને ઓળખ્યા. માટે હે મહારાજ ! આપ રમ્યા કે હરાવ્યા જેવા નથી. આપ તો સેવા-પૂજા કરવા યોગ્ય છો.'' આ ભગવાન સર્વે અવતારના અવતારી છે. એવો નિશ્ચય કરી ઘરનાં માણસો બાઈ-ભાઈ સર્વે હતાં, તે ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યાં.

મિત્રો ! ભગવાનની આગળ પોતાના બળનું અભિમાન ન કરાય તેમના દાસ બની સેવા કરી રાજી કરાય.

## -: જ્ઞાન સરિતા :-

### -: શબ્દરચના :-

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | | ■ | ૬ | ■ | | ■ | |
| | ■ | ૭ | | | | | ■ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ૧૨ | | ૧૩ | | ■ | |
| ■ | ૧૪ | | ■ | ■ | | ■ | ૧૫ | |
| ૧૬ | | ■ | ૧૭ | ■ | ૧૮ | | ■ | |
| | ■ | ૧૯ | | | | ■ | ૨૦ | ■ |
| ૨૧ | | | | ■ | ■ | ૨૨ | | |

**આડી ચાવી**

૧. સહજાનંદ સ્વામી લિખિત શાસ્ત્ર - ૪
૩. શ્રીકૃષ્ણ જે તે ......કરવા યોગ્ય છે. - ૪
૭. મોટા પુરુષે કર્યું હોય તે ગ્રહણ કરવું - ૫
૮. ધર્મ - ૩
૧૦. યોગ્ય વ્યક્તિના....જોઈને પ્રેરવો - ૨
૧૧. ભગવાન ફળ પ્રદાતા - ૨
૧૨. પાંચદેવ પૈકી એક - ૪
૧૪. અહિંસા મોટો ધર્મ છે - ૨
૧૫. હૃદયને વિષે રહ્યો છે. - ૨
૧૬. અંગ દેખાય એવું શું ન પહેરવું - ૨
૧૮. આદરથી એકાદશીએ કરવું - ૨
૧૯. જીવતપર્યંત સેવા કરવી - ૪
૨૧. પતિને ઈશ્વરની પેઠે સેવવો - ૪
૨૨. તિલક કરવું - ૩

**ઊભી ચાવી**

૧. એકાત્મપણું જ જાણવું - ૩
૨. કોનું આચરણ ન કરવું - ૪
૪. શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા - ૩
૫. ભૂત પ્રેતાદિકનો ઉપદ્રવ થાય - ૭
૬. ધર્મે રહિત હોય એવા કર્મનું શું ન કરવું - ૪
૭. અર્થ, કામ, મોક્ષ - ૨
૯. એક શાસ્ત્ર - ૪
૧૩. નિંદા ન કરવી - ૪
૧૬. પોતાના મૂળ ગરાસનું તથા - ૩
૧૭. જન્મ તથા મરણનું - ૩
૧૯. માહિનો - ૨
૨૦. આઠ શાસ્ત્રમાંથી એક - ૨

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ. હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે- નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)
૨૫૧- પ્રિશા દિલીપકુમાર ભુવા જન્મ દિવસ નિમિત્તે મદનપુર સુખપર-નવોવાસ
૨૫૧- જીલેશ ગોવિંદ વાઘાણી જન્મ દિવસ નિમિત્તે - સુખપર
૨૫૧- ગોવિંદ મુરજી પિંડોરીયા જન્મ દિવસ નિમિત્તે - માધાપર
૨૫૧- ભવ્ય તથા રોહિત નરેન્દ્ર પિંડોરીયાના જન્મ દિવસ નિમિત્તે - માધાપર
૧૧૦૦- પ્રેમવતી વાસ્તુ હસ્તે રાજેષ માવજી નિસર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - મુંબઈ
૫૦૧- રીયા અશ્વિન હિરાણી જન્મ દિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે ભક્તિનગર-માનકુવા
૫૦૦- હિતેન્દ્ર ગોવાલજીભાઈ પરમાર શ્રીનરનારાયણદેવને ભેટ- જબલપુર (એમ.પી.)





અ. નિ. સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજીની સ્મૃતિમાં ભુજ મંદિર દ્વારા આયોજિત સદ્ગુરુસ્મૃતિ પારાયણનું આયોજન કરાયું.-ભુજ




ભારતના અલગ અલગ રાજ્યોમાં રહેતા કચ્છના ભક્તોને સત્સંગ કથાવાર્તાનો લાભ અને માર્ગદર્શન આપવા માટે ભુજ મંદિરના શ્રી નરનારાયણદેવની કૃપા અને પૂજ્ય મહંત સ્વામી આદી સંતોના આશીર્વાદ લઇ સ.ગુ. પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીના મંડળના સંતો આજે ૨૭/૮/૨૦૨૫ ના રોજ પ્રયાણ કર્યું છે. જે ૭ થી ૮ મહિના સુધી વિચરણ કરી ભુજ પરત ફરશે.

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**:: પોથીયાત્રા ::**
સં. ૨૦૮૨, ફાગણ વદ ૧૪, બુધવાર , તા. ૧૮-૩-૨૦૨૬

**:: કથા પ્રારંભ ::**
સં. ૨૦૮૨, ફાગણ વદ અમાસ, ગુરુવાર, તા. ૧૯-૩-૨૦૨૬

**:: કથા સમાપ્તિ ::**
સં. ૨૦૮૨, ચૈત્ર સુદ ૭, બુધવાર, તા. ૨૫-૩-૨૦૨૬

**:: નારાયણ યજ્ઞ ::**
સં. ૨૦૮૨, ચૈત્ર સુદ ૮, ગુરુવાર, તા. ૨૬-૩-૨૦૨૬

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૧૯-૩-૨૦૨૬ થી તા. ૨૫-૩-૨૦૨૬ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે કુલ ૧૫૦ પાસ આપવામાં આવશે. સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોયતેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮x૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

: કથા સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ.
ફોન નં. ૭૫૬૭૬ ૦૭૦૦૦ | ૭૫૬૭૬ ૦૮૦૦૦

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025















અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસ દરમિયાન ભવ્ય હિંડોળા ઉત્સવ,
મહાપૂજા તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી.